ગાંધીનગર સમાચાર

માઉન્ટ કાર્મેલ અને સેન્ટ ઝેવિયર્સ શાળાને નોટીસ





કડીયા નાકુ હટાવાયું - ઘ-૨ પાસેના અપના બજારની પાસે યોજાતુ કડિયા નાકુ દબાણ તંત્ર દ્વારા હટાવાયું છે... વર્ષોથી મજુરો, કડીયા-કારીગરો એક જ સ્થાન પર મળે એવું આ કડિયા નાકુ વાયબ્રન્ટ ઈફેક્ટથી હચમચી ગયું છે... દબાણો હટાવી વાયર ફેન્સીંગ કરાઈ દેવાયું છે... એકાદ મહિનો તો આમ જ રહેશે... વાયબ્રન્ટ બાદ શું થશે એ તો સમય જ કહેશે...

# મુખ્ય માર્ગો પરથી હટાવાયેલા દબાણોનો સેકટરોમાં ખડકલો

## દુર કરાયેલા દબાણો જગ્યા મળે ત્યાં ગોઠવાઇ રહયા છે

ગાંધીનગર તા૨૦

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને દબાણમુકત કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગોપર એક પણ લારી ગલ્લા ન દેખાય તે માટે અત્યારથી જ નગરને દબાણ મુક્ત કરી દેવાયુ છે. પરંતુ નગરના મુખ્ય માર્ગો પરથી દુર કરાયેલા દબાણો હવે નગરના સર્વિસ રોડ પર અડ્ડો જમાવ્યો છે. શહેરના સાંકડા સર્વિસ માર્ગો તેમજ ફુટપાથ પર દબાણો ખસી ગયા છે. જેના પરિણામે સેકટરોના સર્વિસ માર્ગ પર ટ્રાફિક અને ગંદકીની સમસ્યા જોવા મળી રહી છે.મુખ્ય માર્ગો પરથી દુર કરાયેલા દબાણોએ સેકટરોના આંતરિક વિસ્તારમાં ભરડો લીધો છે.

વાઈબ્રન્ટ સમિટમાં આવનારા દેશ વિદેશના મહાનુભાવોના ઓવારણા લેવા માટે તંત્ર તડામાર તૈયારીમાં છે. નગરના માર્ગોનુ બ્યુટીફિકેશન સહીત નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. આમ નાગરિકોમાં પણ વાઈબ્રન્ટ સમિટની તૈયારીનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.નગરને સ્વચ્છ,સુંદર અને રળિયામણુ બનાવવા માટે યુધ્ધના ધોરણે કામ ચાલી રહયુ છે. પરંતુ નગરના મુખ્ય માર્ગો પર જ વાઈબ્રન્ટ ઈફેકટ જોવા મળી રહી છે. સેકટરોની શેરીઓમાં દુવિધાઓ અને ગંદકી યથાવત છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરમાં એકપણ દબાણ

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના ગુટલીબાજ કર્મચારીઓ સામે હવે તંત્ર દ્વારા લાલઆંખ કરાશે

ગાંધીનગર, તા. ૨૦

પંચાયતના ગુટલીબાજો સામે હવે શિસ્તનો સકંજો કસવા માટે તંત્રએ મન બનાવી લીધુ છે.

સવારે નિયમિત રીતે મસ્ટર ચેક કરાશે તેમજ સાંજે પણ વહેલા નીકળી જતા કર્મચારીઓની સંખ્યા વધતાં હવે તેમની પણ ચકાસણી કરાશે. જે કર્મચારી આવી ગુટલીઓ મારતા હશે તેમની સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. આવા કર્મચારીઓને કારણદર્શક નોટીસ પ્રથમ અપાશે.

આ પછી પણ પકડાશે તો તેના સી.આર.માં નોંધ કરાશે. આ બાબતે ઈજાફા બંધ કરવા સહિતના પગલાં લેવા પણ તંત્ર ખચકાશે નહિ.

તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીએ બધી જ શાખાના મસ્ટરો ચેક કરતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. આ ઉપરાંત આકસ્મિક તપાસ કેટલીક કચેરીઓમાં કરતાં સાંજે કર્મચારીઓ વહેલી ઓફિસ છોડી જતા રહેતા હોવાનું જણાયુ હતુ.

જિલ્લા પંચાયતની તમામ કચેરીઓમાં હવે આવા ગુટલીબાજ કર્મચારીઓ સામે પગલાં લેવા માટે ખાસ સૂચના પણ જારી કરવામાં આવનાર છે. આ માટે અધિકારીઓની ટીમ બનાવી દરેક શાખામાં આકસ્મિક તપાસ પણ હાથ ધરવાની વ્યુહરચના તૈયાર કરાઈ છે અને તે અંગેનો અહેવાલ સીધો જિલ્લા વિકાસ અધિકારીને કરવાનો રહેશે.

## મહિલા પોલીંગ ઓફિસરોની તાલિમમાં ચૂંટણી પંચના સચિવ પહોંચ્યા..!

ગાંધીનગર, તા. ૨૦

આ માસના અંતિમ સપ્તાહમાં યોજાનાર પંચાયતોની ચૂંટણી માટે આજે મહિલા પોલીંગ અધિકારીઓની તાલિમ યોજાઈ હતી. આ તાલિમ જોવા માટે રાજ્ય ચૂંટણી પંચના સચિવ મહેશ જોશી આકસ્મિક પહોંચી જતાં તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

પંચાયતની ચૂંટણી મતપત્રથી યોજાવાની હોવાથી આ તાલિમ મહત્વની હોઈ છેલ્લા બે દિવસથી આ તાલિમ વર્ગ ચાલી રહ્યા છે.

આજે રાજ્ય ચૂંટણી પંચના સચિવ મહેશ જોશી ત્યાં અચાનક જ પહોંચી જતાં તંત્રના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. જો કે તેમણે તાલિમ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.



ગાબડું - મહાત્મા મંદિરની કમ્પાઉન્ડ વૉલમાં ગ્રીલ નિકળી જતા મસમોટું ગાબડું પડ્યું છે... વાયબ્રન્ટસમિટ માટે શહેર શણગારાઈ રહ્યું છે ત્યારે આ ગાબડાની ચર્ચા ઠેર ઠેર ચાલી રહી છે...

# આજે રાહુલ ગાંધી મહેસાણામાં

## ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટેનું રણશિંગૂ ફુંકશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની મહેસાણા યાત્રાને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. રાહુલ ગાંધીની આ હાઈપ્રોફાઈલ યાત્રાને લઈને કોંગ્રેસના કાર્યકરો અને વરિષ્ઠ નેતાઓ તમામ તૈયારીઓમાં લાગેલા છે. છેલ્લા કેટલાક દિવસથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નોટબંધીના મુદ્દે સીધીરીતે ટાર્ગેટ બનાવી રહેલા રાહુલ ગાંધી મહેસાણામાં યોજાનારી રેલીમાં પણ મોદી સરકાર ઉપર આકરા પ્રહાર કરે તેવી શક્યતા છે. સાથેસાથે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર માટેનું રણશિંગુ પણ ફુંકશે. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દેશભરમાં સભાઓ યોજી સક્રિય વિરોધપક્ષ નેતાની છબિ મજબુત બનાવી રહ્યાં છે અને મોદી

● અનુસંધાન પાન-૭ પર

# સ્વભંડોળના વિકાસ કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૦

પંચાયતના સ્વભંડોળમાંથી કરવાના થતા વિકાસકામો તેની સમય મર્યાદામાં પૂર્ણ થાય અને બજેટના અંદાજ મુજબની લક્ષ્યાંક સિદ્ધિ થાય તે જોવા જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે કડક તાકીદ પંચાયતની વિવિધ શાખાના અધિકારીઓની સમીક્ષા બેઠક દરમ્યાન કરી છે.

પંચાયતની ચાર જેટલી શાખાઓમાં સ્વભંડોળની જોગવાઈમાં ઘણી મોટી બચત જણાતાં તેમણે આજે આ ટકોર કરી હતી. તેમણે કહ્યુ કે ત્રણ મહિનાનો સમય છે અને કરેલી જોગવાઈનો હેતુ સિદ્ધ થાય તે જોવાનું આપણા સૌની ફરજ છે.

તેમણે નવા બજેટ અંગે પણ તેમના અંદાજો અને સૂચિત કામો નિયત સમય મર્યાદામાં મળી જાય તે માટે વિશેષ આગ્રહ કરી જણાવ્યું હતું કે વિકાસકામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે રીતે સૂચવવા જોઈએ. સ્પીલ ઓવર વર્કની પદ્ધતિ સારી વાત નથી.

તેમણે શાખાધિકારીઓને દર પખવાડિયે સ્ટાફ મીટીંગ કરી કઈ શાખાના કેટલા પત્રો નિકાલ વગરના છે, કેમ અટવાયા છે તેની જાણકારી મેળવવી જોઈએ એટલુ જ નહિ કર્મચારીઓમાં પણ ''પંચાયત ટીમ''ની ભાવનાનો સંચાર થાય તે જોવુ જોઈએ.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે પેન્શન, પગાર ફિક્સેશનના કેસો પણ સમય-મર્યાદામાં નિકાલ થાય તે જોવુ જોઈએ. તેમણે કહ્યું કે લક્ષ્યાંક એ આપણો ગોલ છે અને તે પ્રાપ્ત કરવા માટે આપણે સામુહિક પ્રયાસ કરીશુ તો સારા પરિણામ મળી શકશે.

તેમણે શાખાધિકારીઓને પણ વડી કચેરીના નિર્ણય થઈ આવ્યા હોય તેના વિશે પણ જાગૃતિ દાખવવી જોઈએ જેથી આપણા કેટલા પ્રશ્નો પડતર છે અને કયા તબક્કે પડતર છે તેની પુરી વિગતો હોય તે જરૂરી છે.

# માઉન્ટ કાર્મેલ અને સેન્ટ ઝેવિયર્સ શાળાને નોટીસ

## ખાનગી પ્રકાશનના પાઠ્ય પુસ્તકોનો ઉપયોગ કરી સરકારી નિયમોનુ ઉલ્લંઘન કરવા બદલ ખુલાસો માંગ્યો : શૈક્ષણિક વર્તુળમાં પણ ગણગણાટ

ગાંધીનગર તા ૨૦

ખાનગી પ્રકાશનના પાઠ્ય પુસ્તકોનો ઉપયોગ કરી નિયમોનુ ઉલ્લંઘન કરતી નગરની માઉન્ટ કાર્મેલ તેમજ સેન્ટ ઝેવિયર્સ શાળાના સંચાલક મંડળને જિલ્લાશિક્ષણાધિકારીએ નોટીસ આપી ખુલાસો માંગ્યો છે. મંજુરી મુજબ રાજય સરકારના નિયત પ્રકાશનના પુસ્તકોનો ઉપયોગ કરવાની જ પરવાનગી આપવામાં આવે છે. જયારે આ બન્ને શાળામાં ખાનગી પ્રકાશનના પુસ્તકો જ ઉપયોગમાં લેવાતા હોવાનુ ધ્યાને આવતા જિલ્લા શિક્ષણાધિકારીએ નોટીસ આપી છે.

નગરની શાળાઓમાં સી બી એસ ઈ બોર્ડમાં પ્રવેશ મામલે વાલીઓ છેતરાય નહીં તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા યોગ્ય તપાસ કરી શાળાઓને જરૂરી સુચના આપવામાં આવી છે. જયારે આ મામલે શાળાકક્ષાએ મંજુરી અંગેનો પત્ર ચિપકાવવા માટે પણ જણાંવાયુ છે. આ મામલે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા યોગ્ય તપાસ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન નગરની માઉન્ટ કાર્મેલ તેમજ સેન્ટ ઝેવિર્યસ શાળામાં પ્રાથમિક વિભાગમાં ખાનગી પ્રકાશનના પુસ્તકોનો ઉપયોગ થતો હોવાનુ ધ્યાને આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

# બ્યુટિફિકેશનમાં લાખોનો ખર્ચ છતા તુટેલા અને કટાયેલા બોર્ડસ હજુ યથાવત

## ગત વાઇબ્રન્ટ દરમિયાન સાઇન બોર્ડસ માટે લાખો રૂપિયા ખર્ચાયા હતા : શહેરમાં બિનઉપયોગી બોર્ડસનો ખડકલો

ગાંધીનગર તા ૨૦

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરનો સ્વચ્છ, સુંદર અને રળિયામણુ બનાવવા માટે યુધ્ધના ધોરણે કામ હાથ ધરવામાં આવ્યુ છે. ગત વાઈબ્રન્ટ સમિટમાં પણ માર્ગોના બ્યુટીફિકેશન પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સાઈન બોર્ડ તેમજ નગરના પ્રવેશદ્વારે ગેન્ટ્રી પણ બનાવાઈ હતી. જો કે આ વખતે સાઈન બાર્ડ મુકવા પાછળ કોઈ ખર્ચ નહીં કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે જુના સાઈન બોર્ડને જરૂર જણાંય તો કલરકામ કરવામાં આવશે. પરંતુ શહેરમાં મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં જુના કટાયેલા અને તુટેલી હાલતમાં લટકતા સાઈન બાર્ડની સંખ્યા વિશેષ છે. આમ નાગરિકો માટે અડચણરૂપ સાઈન બોર્ડ ત્વરિત નિકાલ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ઘ માર્ગ પરથી સે-૧૬માં જવાના ચાર રસ્તા પાસે પાર્કીંગ પ્લેસને અડીને જ તુટેલી હાલતમાં લટકતુ જોખમી બોર્ડ અકસ્માત સર્જે છે. સેન્ટ્રલ વર્જમાં પણ આડેધડ નજર નાંખો ત્યાં બિનજરૂરી બોર્ડ અને હોર્ડીંગ્સ જોવા મળી રહયા છે.





શહેરનો વાઈબ્રન્ટ લુક આપવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેમાં માર્ગ નવિનકરણ ,વોક વે રીપેરીંગ અને રંગરોગાન સાથે બ્યુટિફિકેશનનો મુદ્દો મુખ્ય બન્યો છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરમાં રોડ ફર્નિચરની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં નગરના માર્ગો અને સર્કલોના નવા નામો મુજબ નવા સાઈન બોર્ડ મુકવા

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com